**પરીપત્ર**

**વિષય : યુ.જી. સેમ.-૫ ની પરીક્ષામાં આંતરીક (થીયરી અને પ્રાયોગીક) તેમજ બાહ્ય (પ્રાયોગીક) માર્કસની એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, **ઓક્ટોબર-૨૦૨૩** દરમ્યાન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર **યુ.જી. સેમ.- ૫** ની આંતરીક (થીયરી અને પ્રાયોગીક) તેમજ બાહ્ય (પ્રાયોગીક) પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી માટેની પ્રારંભ થવાની તારીખ તથા પૂર્ણ થવાની તારીખની વિગત નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

| પરીક્ષાનું નામ | એન્ટ્રી પ્રારંભ થવાની તારીખ | એન્ટ્રી પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| યુ.જી. સેમ.-૫<br>(એલએલ.બી. સીવાય તમામ કોર્ષ) | ૨૯/૦૯/૨૦૨૩ | ૨૩/૧૦/૨૦૨૩ |

**ખાસ જણાવવાનું કે,**

૧. ઉપર્યુક્ત છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટ્વેર સ્વીકારશે નહી.

૨. ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ SAVE કરીને જ માર્કસ એન્ટ્રી લોક કરવાની રહેશે. માર્કસની એન્ટ્રી SAVE કર્યા સીવાય માર્કસ એન્ટ્રી લોક કરવામાં આવશે તો તેવા સંજોગોમાં સોફ્ટ્વેર માર્કસની એન્ટ્રી સ્વીકારશે નહી.

૩. ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ જો કોઇ ભુલ હોય તો ઉપરોક્ત સમયગાળામાં જરૂરી સુધારો કરી, ચેકલીસ્ટની પ્રિન્ટ કાઢી કોલેજ/કેન્દ્રએ ચેકલીસ્ટની ખરાઇ કરી લેવાની રહેશે. આચાર્યશ્રી તથા વિષય અધ્યાપકશ્રીએ પ્રમાણિત કરી સહી સિક્કા સાથે કોલેજનાં રેકોર્ડ ઉપર રાખવાનું રહેશે. યુનિવર્સિટીને જરૂર જણાય તો મંગાવે ત્યારે તે નકલ પરીક્ષા વિભાગમાં જમાં કરાવવાની રહેશે.

૪. છેલ્લી તારીખ બાદ સુધારો કરી શકાશે નહી અને જો ભૂલ આવેલ હશે તો પરીણામ જાહેર થયા પહેલા નિયત ફી ભરી સુધારો કરવાનો રહેશે, યુનિવર્સિટી દ્વારા પરીણામ જાહેર થયા બાદ કોઇ પણ સંજોગોમાં ઈન્ટર્નલ માર્કસમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી, જેની નોંધ લેવી.

૫. ઈન્ટર્નલ માર્ક્સની એન્ટ્રી દરમ્યાન કોલેજના User Name તથા Password અપાયેલ છે તેનો જ ઉપયોગ કરવો અને તે માહિતીની ગોપનીયતા જળવાઇ તે અંગેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે જે સવિનય વિદિત થાય.

ઉપર મુજબની જાણ કોલેજના શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓના ધ્યાન ઉપર મુકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**મદદનીશ કુલસચિવ (પરીક્ષા)**
**(શ્રી ઉમેશ ડી. કાસુન્દ્રા)**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૦૧૩/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨૨૬૩
તા.૨૬/૦૯/૨૦૨૩

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ...

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)